Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી

# આત્માનંદ પ્રકાશ.

દોહરો.

આત્મવૃત્તિ નિર્મલ કરે, આપે તત્વ વિકાશ;
આત્માને આરામ દે, આત્માનંદ પ્રકાશ.

પુસ્તક ૧ લું. વિક્રમ સંવત ૧૯૬૦— ચૈત્ર અંક ૯ મો.

## પ્રભુસ્તુતિ.

### શિખરિણી.

અખંડાનંદેથી[1] અનુપમ સુખાનંદ ધરતા,
અનંતાજીવોનું ધરી હિત સદા જે વિહરતા[2];
વિકાશી વૈરાગ્યે વિમલવપુ[3] તેજે પ્રસરતા,
નમુ તે દેવોને અવિચલપદે[4] જે સ્થિર થતા; ૧

## મિત્ર પ્રત્યે ઉપદેશ.

( ગરબી. )

જ્ઞાન તેજ હૃદય પ્રગટાવો રે, મિત્ર સમકિત સાથી,
કર્મઆસને સઘ ફિટાવોરે, શુદ્ધ ભાવને બાંધી;

---

૧ જેની ઉપમા નથી તેવો. ૨ વિહાર કરતા ૩ નિર્મલ શરીરના તેજથી પ્રસરતા ૪ મોક્ષપદે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અંધકાર જડતાનું હરવા, જ્ઞાન વિનાનથી આરો,
ગુરૂ ઉપદેશામૃતને પીવા, મિત્ર સદાગ્રહ ધારોરે, મિત્ર ૧.
માનવ દેહ અમૂલ્ય મળ્યો છે, તે ન કદિ તમે હારો,
પુણ્ય બલે ગુરૂવાણી ગ્રહીને, સફલ કરો જન્મારો. મિત્ર. ૨
વિવિધ દુઃખથી હૃદય બલે છે, તો કાં વિષય પ્રતિધાઓ;
વિરાગ વૃત્તિને પોષી હંમેસા, ધર્મ અભિમુખ થાઓ. મિત્ર. ૩
વિષયી વિચારો ઉરથી તજીને, પ્રભુશું લગાડો લગની,
પુણ્ય તણો પરિપાક થતાં સદ્ય, પ્રગટ થશે જ્ઞાન અગનિ. મિત્ર. ૪
ક્ષણિક વિષયના ભોગે પચીશું, ગુરૂ સદ્બોધ વિસારો,
ભવ વૈભવમાં ભાન ન રાખી, ચારિત્ર નર્મદ ધારો, મિત્ર. ૫

## ષટ્દર્શનોનું કમિશન.

(ગત અંકના પૃષ્ટ ૧૭૨ થી ચાલુ.)

શ્રી સચ્ચિદાનંદ પરમાત્માની રૂબરૂ બૌદ્ધ દર્શને પોતાની જુબાની આપતાં જણાવ્યું કે, એ પ્રમાણે અમારા સર્વોત્તમ મતમાં **દુઃખ, સમુદય, માર્ગ અને નિરોધ** એ ચાર પ્રકારના આર્ય સત્ય આપની સમક્ષ કહી બતવ્યા છે. તે સૌ ત્રાંતિકના મત પ્રમાણે જાણી લેવા. બીજા વૈભાષિક વિગેરેના ભેદની અપેક્ષા વિના લઈએ તે અમારા મતમાં સામાન્યરીતે બાર પદાર્થ મનાય છે. જેઓ **દ્વાદશ આયતન** એવા નામથી ઓલખાય છે (પંચેંદ્રિય) ૧ શ્રોત્ર, ૨ ચક્ષુ ૩ નાસિકા, ૪ રસના (જીભ) ૫ સ્પર્શન (શબ્દાદિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાંચવિષય) ૬ શબ્દ, ૭ રૂપ, ૮ ગંધ, ૯ રસ, ૧૦ સ્પર્શ, ૧૧ માનસ. અને ૧૨ ધર્માયતન, આ બાર આયતનમાં અગીઆરમું માનસ એટલે ચિત્ત જેનુ બીજું નામ શબ્દયતન પણ કહેવાય છે, બારમું ધર્માયતન. ધર્મ એટલે સુખદુઃખાદિ તેનું આયતન એટલે સ્થાન અર્થાત્ શરીર એ દ્વાદશ આયતન એટલે તે નામના બાર તત્વો કહેવાય છે. આ બાર આયતન સત્ છે. જે સત્ હોય તે બૌદ્ધ દર્શનમાં ક્ષણિક કહેવાય છે. તેથી તે બધાનું ક્ષણિકત્વ સિદ્ધ થાય છે.

મારા મતમાં પ્રત્યક્ષ અને અનુમાન એ બે પ્રમાણજ માનેલા છે. બાકીના ચાર્વાક તથા સાંખ્ય વિગેરે જે પ્રમાણો માને છે, તે મારે સંમત નથી. આ બે પ્રમાણ માનવાનું કારણ એટલુંજ કે, એ બે પ્રમાણોથીજ અવિસંવાદિ (ન ફરે તેવું) જ્ઞાન થઇ શકે છે. બીજા પ્રમાણોથી થઇ શકતું નથી. જેમકે પ્રત્યક્ષ વિષયથી જે જુદું તે બધુ પરોક્ષ વિષયમાં આવી શકે છે., એથી કરીને વિષયના બે પ્રકાર થાય, જ્યારે વિષયના બે પ્રકાર થાય એટલે જ્ઞાનપણ બે પ્રકારનુંજ થાય, ન્યૂનાધિક થાય નહી. જે પરોક્ષ વિષયનું પ્રમાણ ભૂત થાય છે તે પોતાથી સાધવાનો જે ધર્મી તેની સાથે સંબંધ ધરાવનાર અન્યધર્મીથી સામાન્ય આકારે કરીને થાય છે અને એથી પરોક્ષ અર્થનું ભાન કરાવે છે, એથી કરીને એ જ્ઞાન અનુમાનમાં સમાય છે, એટલે પ્રત્યક્ષ અને અનુમાન—એ બેજ પ્રમાણ છે, એમ સિદ્ધ થાય છે.

વળી જુઓ, જે પરોક્ષ છે તે સાક્ષાત્ પ્રત્યક્ષ પ્રમાણથી ગ્રહણ થતું નથી, જો એમ થાયતો પછી તે પરોક્ષ કહેવાયજ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નહી અને એવી સ્વતંત્ર કલ્પના કરવી તે માત્ર મનોરાજ્યના સંકલ્પની જેમ અપ્રમાણજ છે, કારણ કે, પરોક્ષ એવોજ પદાર્થ છે તેની સાથે તેને નિયમિત સંબંધ ન હોવાથી તેના કોઇવાર વ્યભિચાર સિદ્ધ થશે અને પોતાને જે સાધવાનું હોય તેની સાથે સંબંધ વિનાનો જે પદાર્થ છે તે પરોક્ષાર્થ ( સાધ્ય ) ના દર્શક થઇ શકતો નથી, કેમકે જો એમ હોય તો અવ્યવસ્થા થઇ જાય. તેમજ સાધ્ય એવા ધર્મી સાથે સંબંધ વગરનો પદાર્થ પણજો તેના દર્શક નથાયતો, જે જ્ઞાન થવાનું છે તેને દૂરપણા રૂપ અંતરાય રહેવાનોજ નહી, એટલે તેવા સંબંધ વગરના પદાર્થથી સર્વત્ર જ્ઞાન થવામાં બાધ રહેશે નહિ, એટલા માટે ધર્મીસાથે સંબધ વાલો જે પદાર્થ તેજ પરોક્ષાર્થનો દર્શક થાય એવા જ્ઞાનરૂપી જે પ્રમાણ તે અનુમાનજ છે, કારણ કે, એ લક્ષણ અનુમાનનુંજ થયું. જે અપ્રત્યક્ષ ( પરોક્ષ ) પ્રમાણ છે તે અનુમાનમાંજ સમાય છે. જે જેમાં સમાય તે તેનાથી જુદું ગણી શકાય નહિ, એવું પ્રસિદ્ધ વ્યવહારમાં અનેકવાર થાય છે. પ્રત્યક્ષ પ્રમાણથી જુદું જે અહીં પ્રસ્તુત છે, તે અનુમાનમાં સમાયું છે, એટલે તેનું સ્વતંત્ર પ્રમાણત્વ સિદ્ધ નહીં થાય એનેજ સ્વભાવવિરૂધ્ધોપલબ્ધિ કહે છે, કારણ કે, તેમાં અંતર્ભાવ અને બહિર્ભાવ એ પરસ્પરનો પરિહાર કરવા વાલા હોઈ વિરૂદ્ધ છે.

આ પ્રમાણે પ્રત્યક્ષ અને અનુમાન પ્રમાણની સાબીતી સર્વ રીતે સિદ્ધ કર્યા પછી કોઇ વિરૂદ્ધ પક્ષવાલા વાદીએ મારી ઉપર આક્ષેપ કર્યો હતો, તે હું આપની સમક્ષ નીચે પ્રમાણે જાહેર કરૂં છું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પૂર્વપક્ષ—જે પ્રમાણ પરોક્ષ વિષયવાળું છે, તેનો અંતર્ભાવ અનુમાન પ્રમાણમાં કદિ થાય પણ અર્થાંતર વિષય (બીજા અર્થ સંબંધી) એવું જે શબ્દાદિ પ્રમાણ છે, તેનો તેમાં અંતર્ભાવ કરવો યુક્ત નથી.

ઉત્તરપક્ષ—પ્રત્યક્ષ અને પરોક્ષ એ બેથી ત્રીજો પ્રમેય અર્થજ ક્યાં છે? અને પ્રમેય વિનાનું જે (ભ્રમરૂપ) પ્રમા તે પ્રમાણ પણામાં સમાયજ નહીં.

પૂર્વપક્ષ—તે વિષે બીજું કાંઈ બલવાન્ કારણ છે?

ઉત્તરપક્ષ—બલવાન્ કારણ તો એજ છે કે "જેનાથી અર્થ પ્રમાણ થાય તેજ પ્રમાણ" એમ પ્રમાણ શબ્દની વ્યુત્પત્તિ હોવાથી જે પ્રમેય સહિત હોય તેજ પ્રમાણ કહેવાય છે અને જેનું પ્રમેય વિદ્યમાન નથી તે પ્રમાણ કહેવાતું નથી.

પૂર્વપક્ષ—એ ઉપરથી બીજા પ્રમાણો શીરીતે ઉડી જાય?

ઉત્તરપક્ષ—ઉપર પ્રત્યક્ષ અને અને અનુમાન એ બે પ્રમાણથી અતિરિક્ત (જુદાં) વિષયનું ગ્રહણ કરનારા જે બીજા પ્રમાણો છે તે બધા પ્રમેય રહિત છે, તેથી તેવા પ્રમાણો પ્રમાણ તરીકે માનવાને કાંઈ કારણ નથી, કારણ કે, જે પ્રમેય છે તે સાક્ષાત્ કે પરંપરાએ પ્રમાણ પ્રત્યે કારણ રૂપ છે.

પૂર્વપક્ષ—તે વિષે કોઇ શાસ્ત્રનું પ્રમાણ છે?

ઉત્તરપક્ષ—હા, પ્રમાણ વિષયના શાસ્ત્રમાં કહેલું છે કે, કોઈ કારણ અન્વય (સંબંધ) અને વ્યતિરેક (અભાવ) વિનાનું હોય નહીં અને તે કારણ વિના વિષય હોય નહીં.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પૂર્વપક્ષ— તે વાત અહિં શીરીતે સમજવી ?

ઉત્તરપક્ષ—અહિં એટલુ તો સિદ્ધ થાય છે કે, પ્રત્યક્ષ અને પરોક્ષ એ બે વિના બીજું પ્રમેય છે નહીં. જે પ્રત્યક્ષ છે તે આગલ રહેલા પદાર્થના સામર્થ્યથી પેદા થઈ, તેની અંદર સંક્રમણ થતો જે પોતાનો પ્રતિભાસ તેના બલથીજ તે પદાર્થના પ્રત્યક્ષ વ્યવહારનુ કારણ થાય છે અને તે પદાર્થને તેનાથી જુદા એવા સર્વ પદાર્થથી જુદુ પાડી પરોક્ષ એવા પદાર્થના સમૂહની વ્યવસ્થા કરતાં ત્રીજા પદાર્થની કોટીનો અભાવ સ્વતઃ સિદ્ધ કરી આપે છે.

અપૂર્ણ.

## યતિધર્મ અને શ્રાવકધર્મનો સંવાદ.

( ગત અંકના પૃષ્ઠ ૧૭૬ થી ચાલુ.)

યતિ ધર્મ—વત્સ, હવે ઉન્નતિનો સમય પાંસે આવતો જાય છે, નવીન રાજ્યના છત્રની છાયાએ જન મંડલ પર નવી પ્રભા પાડી છે. ઉછરતી જૈન પ્રજાની બુદ્ધિના તરંગમાં હજુ આસ્તિકતા ટકી રહી છે તે ઝોલા ખાય છે પણ નષ્ટ થતી નથી. ભારત વર્ષના શોધક મંડલ ને વાદ વિવાદ કરતાં છેવટે આર્હત ધર્મને પ્રાચીન પદવી આપવી પડી છે. વેદ ધર્મની સાથે સર્વ રીતે હરીફાઇ કરનાર એ મહાધર્મ એકજ છે, એમ સિદ્ધ થયું છે. જૈન મુનિઓનો વૈરાગ્ય અન્ય મુનિઓની અપેક્ષાએ સર્વોત્તમ ગણાયો છે. જૈન મંદિરો, જૈન ઉપાશ્રયો અને જૈન યાત્રાના સ્થળો અન્યની અપેક્ષાએ નિષ્કલંક અને નિર્દોષ રહેલાં છે. દુરાચાર અને દુષ્કૃત્ય જૈન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ના કોઈપણ પવિત્ર સ્થલમાં જોવામાં આવતા નથી. એ જૈન પ્રજાએ હૃદયમાં અભિમાન ધરવા જેવું છે. જૈન મંદિર અને જૈન સ્થાનો માં સ્ત્રી પુરૂષોની અલૈકિક પવિત્રતા દેખાય છે. પાપ કેવો ભયંકર પદાર્થ છે ? વિનય તોડયાથી કેવું અનિષ્ટ ઉત્પન્ન થાય છે. ? અને નરકાગ્નિની વેદના કેવી ભયંકર છે ? એ વાત જૈન પ્રજાજ સમજે છે, તેનાતી ડરે છે અને ખરા તત્વથી સમજાવે છે. બીજે તેમ થતુ નથી.

શ્રાવકધર્મ—ભગવન્, આપનું કહેવું યથાર્થ છે. જૈન પ્રજા માં ઊદયના સર્વ ચિન્હો જોવામાં આવે છે. જુઓને હમણાજ આ કોન્ફરન્સનો વિજયી મહોત્સવ આપણી દ્રષ્ટિએ જોવામાં આવ્યો એ મહા કાર્ય જૈનોની સર્વોન્નતિનુ પ્રથમ પગથીયુ છે. વળી જૈન પ્રજા ભારત વર્ષમાં સર્વોત્તમ ગણાય છે. ભારતની વ્યાપાર લક્ષ્મી જૈનોના બુદ્ધિપટ ઊપર મુદ્રિત થઈ સર્વદા નૃત્ય કરે છે. ધર્મ અને જીવન સુખ અને સાધના એ સૌહુ જૈનો પાસે એક અને અદ્વિતીય છે. જૈનોની દયામય દ્રષ્ટિમાં ભારતનું અહિંસાવ્રત સચવાય છે. ભારતના અનાથ અને નિરાશ્રિત દીન પ્રાણીઓને આધાર આપનાર જૈન પ્રજાજ છે. હિંદુઓનું હિંદુત્વ જૈનોથી ભિન્ન છતાં તેને જૈનોએજ સાચવ્યું છે. જૈનોના કૃપાસાગરમાંથી શોક, દુઃખ અને વિપદના સમયમાં બલતા હૃદયને શાંતિ મળે છે. દયા, ઉત્સાહ શાંતિ, પ્રીતિ વિગેરે ઘણા ભાવો વિશેષે કરીને જૈન પ્રજામાં જોવામાં આવે છે. એથી આપણે સંપૂર્ણરીતે સ્વાભિમાન ધરવાનું છે. અને એઅભિમાન સર્વદા નિરાબાધરહે એવી શાસન દેવતા પ્રત્યે પ્રાર્થનાછે.

યતિધર્મ—વત્સ, તમારા આ વચન સાંભળી મારા હૃદયમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણ ધર્માભિમાન સ્ફુરી આવ્યું છે. જૈન ધર્મની મહત્તા સર્વત્ર ગવાય છે. જૈનોએ પોતાની ધર્મકીર્ત્તિ ભારતની દશેદિશામાં પ્રવર્ત્તાવી છે. જૈનોની ગ્રંથસમૃદ્ધિ સર્વથી ઉત્કૃષ્ટ કહેવાણી છે. ભૂમંડલના કેટલા એક ઈતિહાસનું સ્વરૂપ જૈનગ્રંથો ઉપરથીજ બંધાયું છે. તેઓના ગ્રંથકારોએ પોતાના ઇષ્ટ સર્વજ્ઞ છે, એમ સાબિત કર્યું છે. વ્યાકરણ, ન્યાય, કોશ, સાહિત્ય, તત્વજ્ઞાન અને ધર્મ શાસ્ત્રમાં વિવિધ ગ્રંથરત્નો જૈનોના પ્રાચીન ભંડારમાંથી પ્રગટ થતા જાય છે. હવે જૈનોએ એટલુંજ કરવાનું કે, જૈનોનું પ્રાચીનગૌરવ પુનઃ જાગ્રત થાય તેવા સાધનો સંપાદન કરવા પ્રયત્ન કરવો. જેમાંનું એક સર્વોત્તમ સાધન આવી કોન્ફરન્સનો સમારંભ કરવાને જો મારા આશ્રિત મુનીઓ તૈયાર થાય અને ભારતના કોઇ પવિત્ર તીર્થમાં મુનિઓનો મહાસમાજ એકત્ર થાય તો આ જગતમાં ઉત્કર્ષની પરાકોટીએ જૈન ધર્મ આવે એ નિઃસંશય વાત છે અને તેવો સર્વોત્તમ મહોત્સવ જોવાને આપણ બને પાછા આ પ્રમાણે એકઠા થઈ આત્માને આનંદ સાગરમાં મગ્ન કરીએ.

**શ્રાવક ધર્મ**—ભગવન્, શાસન દેવતાના પ્રભાવથી તમારા વિચાર સફલ થાઓ. આત્મ સદ્વિચાર સાંભળી મને અપાર આનંદ થતો હતો તેવામાં એક વાત સાંભરી આવ્યાથી પાછો હૃદયમાં ખેદ થઈ આવે છે. પણ તે વાત આ વખતે આપને કહેતાં ઈચ્છા થતી નથી તમારા આનંદમાં વિઘ્ન નાંખવું તે મને યુક્ત લાગતું નથી. પુનઃ કોઇ પ્રસંગે જણાવીશ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**યતિધર્મ**— ભદ્ર, નિઃશંક થઈ તે વાત જણાવો. મારા હૃદય માં તે વિષે કૌતુક થયા કરે છે.

**શ્રાવકધર્મ**—જ્યારે હું આ કોન્ફરન્સનો મહોત્સવ જોવાને આકાશ માર્ગે આવતો હતો. તે વખતે સૌરાષ્ટ્ર દેશની પવિત્ર ભૂમિ પર આવતાં કેટલા એક શેહેરોમાં નવકારશીનું મહાભોજન થતું મારા જોવામાં આવ્યું. તે જોવા મારી ઇચ્છા થઇ, તેથી હું ક્ષણવાર ત્યાં થોભાયો. ભગવન્,તે વખતે મને જે ગ્લાની થઈ હતી, તેનું હું વર્ણન કરી શકું તેમ નથી. તે સ્મરણ કરતાં અત્યારે મારો અંતરાત્મા કંપિત થઈ જાય છે.

**યતિધર્મ**—વત્સ, તેવું શું હતું ? તે સત્વર જણાવો. તે જાણવા હૃદય ઘણું આકુલ વ્યાકુલ થઇ જાય છે.

**શ્રાવકધર્મ**—ભગવન્, કહેવાને શોક થાય છે કે મારા આશ્રિત શ્રાવકો કે જેઓનો આચાર તેઓના પવિત્ર શાસ્ત્રોમાં ઘણો ઉત્તમ રીતે વર્ણવ્યો છે, તે છતાં તેઓના ભોજનમાં શૂદ્રના જેવો અનાચાર જોઈ મને અપાર ખેદ થયો હતો. પવિત્ર શ્રાવકોની ભોજન પંક્તિ કેવી રીતે થવી જોઇએ? શરીર અને વસ્ત્રની શુદ્ધિ કેવી રાખવી જોઈએ ? ભોજનપંક્તિમાં કેવી રીતે બેસવું જોઈએ ? ભોજનપાત્ર અને જલપાત્ર કેવી રીતે રાખવા જોઈએ? સ્પર્શ દોષ તથા ઉચ્છિષ્ટદોષ વિષે કેમ વર્ત્તવું જોઇએ ? ઇત્યાદિ સર્વ આચારથી વિમુખ થયેલા અને વચ્ચેકુંડલા કારે ભોજન કરવા બેઠેલા મારા આશ્રિત શ્રાવકોને જોઇ મારો અંતરાત્મા દગ્ધ થયો હતો. આની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સર્વોત્તમ અને પવિત્ર જ્ઞાતિમાં કેવી શુદ્રચેષ્ટા પ્રવર્ત્તે છે. તેઓની આવી મલિન ચેષ્ટા જોઇ મિથ્યાત્વીઓ તેમનો તિરસ્કાર કરે તેમાં શું આશ્ચર્ય! પૂર્વે પવિત્ર ગણાતાં સૌરાષ્ટ્રના શ્રાવકો અપવિત્ર થઈ ગયાછે. તેઓમાં સર્વ સ્થલે અપવિત્રતા અને અનાચાર જોવામાં આવે છે.

અપશોષ! આવા અનાચાર તેઓમાંથી કયારે દૂર થશે? ભગવન, ભોજનપંકિતમાં બેઠેલા તે શ્રાવકોનો દેખાવ જોવા જેવો હતો. એક જણ ખાતો ખાતો ઊઠી પીરસનારને પકડવા જતો હતો. કોઈ પીરસનાર પીરસવાનું પાત્ર નીચે મુકી કોઇ મિત્રની મંડળીમાં જમવા બેસી જતો હતો. તે પણ અર્ધ ભોજન કરી જલશુદ્ધિ કર્યા વગર પાછો પીરસવામાં સામેલ થતો હતો. બીજો કોઈ આવી બંને અજીઠા હાથ વડે તે પીરસવાનું પાત્ર ઊપાડી જતો હતો. એટલુંજ નહિ પણ તેઓએ ભોજન વખતે બધા વસ્ત્રો પેહેરેલા હતા. માત્ર પાઘડીઓ બાહાર રાખી હતી. ભોજન થઈ રહ્યા પછી ભોજનના પાત્રો જલપાલમાંજ ધોતા હતા. જે દેખાવ મારા હૃદયને કંપાવતો હતો. મહાશય, શું શ્રાવકોમાંથી આચાર નષ્ટ થયો? આવા અનાચારી શ્રાવકોના સંપર્કથી આપણો સનાતન જૈન ધર્મ નિંદા પાત્ર બને છે. સર્વ દેશો કરતાં તે વિષે સૌરાષ્ટ્ર દેશને વધારે શરમાવાનું છે. સૌરાષ્ટ્રના શ્રાવકો ઘણાં વખતથી સદાચારને ગુમાવી બેઠાં છે. એ પવિત્ર દેશમાં આવો અનાચાર ક્યાંથી દાખલ થયો હશે? તે દુષ્ટ અનાચાર દૂર થાઓ. આટલું કહી શ્રાવકધર્મને ફરી વાર મૂર્છા આવી ગઈ. યતિધર્મે તેને ઊત્સંગમાં લઇ લીધો.

અપૂર્ણ.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ચિંતામણી.

## એક ચમત્કારી વાર્ત્તા.

( પૂર્વ અંકના પૃષ્ટ ૧૮૧ થી ચાલુ.)

### સાધ્વી વિદ્યાશ્રીના ઉપદેશો.

બેનો, જેવો સદાચાર તમારામાં ઊત્તમ ગુણ ગણાય છે તેવોજ અથવા તેનાથી અધિક સતીપણાનો એક મહાન્ ઉત્તમ ગુણ છે. સતી સ્ત્રીઓ આ ભારત વર્ષની ભૂષણ રૂપ ગણાય છે. પતિવ્રતાઓના પ્રભાવથીજ આ જગતની સ્થિતિ છે. પવિત્ર પ્રમદાઓ જંગમ તીર્થ રૂપ ગણાય છે. શીલવતી શ્રાવિકાઓએ સનાતન જૈનધર્મને દીપાવ્યો છે. સીતા, દમયંતી, સુંદરી અને સુલસા વગેરેના પવિત્ર નામ અદ્યાપિ ભારત ભૂમિ પર ગવાય છે. સતી રમણીઓના રસિક રાસ શ્રોતાના શ્રવણને અદ્યાપિ પવિત્ર કરે છે. અનેક ગ્રંથોમાં સતી ગૌરીઓના ગુણગીત ગાઈને પાપી મનુષ્યો પવિત્ર થાય છે. સતી ધર્મ બાહારનો વ્યાપાર નથી પણ અંતરની વસ્તુ છે. સતી ધર્મની જ્યોતી સ્ત્રી જીવનમાં પ્રગટ થવાથીજ એ જીવન કૃતાર્થ થાય છે. સતી સ્ત્રીનું જીવન માનવ જીવનમાં દેવશક્તિ રૂપ છે અથવા અલૌકિક છે. મનુષ્યનું મનુષ્યત્વ, ચતુરનું ચારિત્ર, વીરનું વીરત્વ અને પુરૂષનું પુરૂષત્વ એ રમણીના સતીત્વનો પ્રભાવ છે. પ્રેમ, પુણ્ય, નીતિ અને સત્કર્મ સતીધર્મને આધીન છે. સતીધર્મના મહાન્ પ્રભાવથી સંયમ તપ અને વ્રત ઉદિત થાય છે. એ મહાન્ સતીધર્મનું ભારત વર્ષ ઉપર અખંડિત સામ્રાજ્ય પ્રવર્ત્તે છે. સતી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઓના સતીત્વ આગલ બીજી અદ્ભુત શક્તિ પરાસ્ત થઇ જાય છે. સતી શ્રાવિકાઓ સ્વર્ગમાંથી કે પાતાલમાંથી દેવશકિતને આકર્ષી શકે છે. સંકષ્ટમાં પડેલી સતીઓની સહાય કરવાને ગમે તે અદૃશ્ય શક્તિને પ્રગટ થવું પડે છે. આવો સતીધર્મ સર્વોત્તમ, સર્વમાન્ય અને સર્વપ્રિય છે.

સદ્ગુણી બાલાઓ, જો તમે સતીત્વને સ્વીકારી તમારા સ્ત્રી-પણાને દીપાવશો તો અધમ ગણાતો સ્ત્રીવેદ સર્વોત્તમ થઈ જશે. એ સતીધર્મમાં સર્વથી અગ્રગણ્ય એવો મહાન્ ગુણ પતિભક્તિ છે. તમારે તમારા પતિમાં સર્વદા પૂજ્ય દ્રષ્ટિ રાખવી જોઈએ. પૂર્વ કર્મના યોગે કદિ પતિ અજ્ઞાની, અંધ, અપંગ, નિર્ધન, કે ક્રૂર હોય તો પણ તેને ઇષ્ટ ગણી તેની સેવા કરવી. પતિ સેવા એ શ્રાવિકાના સતીધર્મનો અલંકાર છે. પતિ સેવાથી સદ્ગુણી શ્રાવિકા સ્વર્ગ સુખ સંપાદન કરી શકે છે. પતિસેવા કરનારીજ સ્ત્રી ખરેખરી ગૃહિણી છે અથવા ગૃહની રાણીછે. પતિને સંપત્તિમાં કે વિપત્તિમાં સહાય કરનારી સુંદરી ખરેખર સુંદરી છે. વ્યવહાર તથા ગૃહ રાજ્યનો અધિપતિ પુરૂષ છે, પણ તેમાં તન મન ધનથી સહાય કરનાર સચિવપદની અધિકારિણી અંગનાજ છે. શુદ્ધ સતીવ્રતને અવલંબી વિપત્તિ ભરેલા જીવનના માર્ગમાં કઠોર પરીક્ષા આપી પ્રસાર થયેલી પ્રિય પત્ની ખરેખર પતિની પરમ ભક્તા થઇ ઉત્તમ સુખ મેળવે છે. તેવી સતી શ્રાવિકા ઉપર તેની સખીઓ, પાડોશીઓ અને સંબંધીઓ તેના સુખ દુઃખમાં ભાગ લઇ તેની ઉપર યત્ન તથા નિર્મલ મમતા પ્રકાશ કરે છે. તેવી સન્નારીનો પોતાના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પતિ પર, અવિચલ સત્યતા ઉપર તથા સ્વધર્મ ઉપર અપૂર્વ પ્રેમ પ્રગટ થયા કરે છે. કદિ બુદ્ધિ મતી કે ધાર્મિક શ્રાવિકા દેખાતી હોય પણ જો તેણીની શુદ્ધ ભક્તિ પતિ ઉપર ન હોય તો તે ખરેખરી બુદ્ધિમતી કે ધાર્મિક છે એમ ન સમજવું. પતિનું અપમાન કરનારી અને પતિને દુઃખ આપનારી અબલા નારકીની અધિકારી થાય છે. બીજાને દુઃખ આપવું એ અહિંસા ધર્મની વિરૂદ્ધ છે, તો પોતાનો સહચારી પતિ કે જે આચારદિનકરના જૈન લગ્નના પવિત્ર વિધિથી સંબંધી થએલ છે, જે તમારૂં સર્વદા પોષણ કરનાર છે, જે તમારા મનવાંછિત મનોરથ પૂરવા પ્રયત્ન કરે છે, અને તમારા ગૃહવાસનો સર્વદા સાથી છે, તેવા પતિનો તિરસ્કાર કરનારી, તેવા પતિની અવજ્ઞા કરનારી, તેવા પતિને કલિ કલેશથી કષ્ટ આપનારી કામિની અધમાધમ છે, કુનારી છે, અસતી છે, અને પ્રત્યક્ષ પિશાચિણી છે.

શ્રાવિકાઓ, તમે તેવી અધમ નારીઓ થશો નહિ, તમારા પતિવ્રત રૂપ કલ્પ વૃક્ષને ગુમાવશો નહી. એ મહાન્ દિવ્ય કલ્પવૃક્ષ તમારા સર્વ મનોરથ પૂરા કરશે, એ કલ્પવૃક્ષના પ્રભાવથી તમારો ગૃહવાસ સર્વોત્તમ ગણાશે. તમારો વ્યવહારમાર્ગ નીતિથી અલંકૃત થશે. તમારી મનોવૃત્તિ ગૃહવાસમાં પણ સમકિતને પ્રાપ્ત કરશે. તમારો શ્રાવિકા ધર્મ સર્વતઃ સુશોભિત થશે, એટલુંજ નહીં પણ તમારો સ્ત્રીવર્ગ સર્વોત્કૃષ્ટ ગણાશે અને આ ભરતક્ષેત્રમાં તમારો માનવજન્મ કૃતાર્થ થશે. જો તમારે સદ્દગુણી શ્રાવિકા થવું હોય, જો તમારે મહાસતીની પવિત્ર કીર્ત્તિના ભાજન થવું હોય, જો તમારા સદ્દગુણોની છાપ જગતના સતીધર્મ ઉપર પાડવી હોય,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જો તમારા ગૃહરાજ્યનો કીર્તિસ્તંભ આ ભારત ક્ષેત્રની વિશાલ ભૂમિપર ખોડવો હોય, જો તમારા પવિત્ર પ્રેમનું મહા બલ દુનિયાની સપાટી ઉપર ખીલાવવું હોય અને જો પતિવ્રતાનું યશોગાન ભારતમાં સર્વ ઠેકાણે કરાવવું હોય તો તમે તમારા પતિને અંતરંગ પ્રેમથી વધાવજો, તેના સુખ દુઃખમાં સમાન ભાગી થજો, તેના હિતમાં સર્વદા તત્પર રહેજો, તેની આજ્ઞા દાસીની જેમ ઉઠાવજો, તેની પવિત્ર સેવામાં તન મન ધન અર્પજો, તે ગુણી નહોય તે છતાં તેને ગુણી માનજો, કુરૂપી હોય તે છતાં તેને સુરૂપી ધારજો, તે કઠોર હોય તો પણ તેને કોમલ ગણજો, તે દુર્ગુણી હોય તે છતાં તેને સદ્ગુણી માની લેજો અને તે કપટી કે દંભી હોય તે છતાં તેને શુદ્ધ હૃદયનો અને શાંત–સત્વ ગુણી માનજો. સૌભાગ્યવતીબેનો, આ તમારો સર્વો-તમ ધર્મ મેં કહ્યો છે. આ ધર્મના પ્રભાવથી તમે આ આ લોક અને પરલોકના સુખ મેલવી શકશો. તમારા સામાયિકમાં, તમારા પ્રતિક્રમણમાં, તમારી ચૈત્યવંદનની ક્રિયામાં તમારી ગુરૂ ગુરૂણીજીની ભક્તિમાં અને તમારી સર્વ ધાર્મિક ક્રિયામાં તમે તમારા પવિત્ર ધર્મને ભુલિ જશો નહીં. પ્રત્યેક અવસરે તમારા સતી ધર્મનું સ્મરણ કરજો. કદિ મદન સ્વરૂપી ગુણવાન્, વિદ્વાન, વક્તા, ધાર્મિક, અને રાજ્યમાન્ય અન્ય પુરૂષ જોવામાં આવે તથાપિ તમે તમારા ચંચલ મનને ચલિત થવા દેશો નહીં તે ઉપર મન સંકલ્પથી પણ રાગદ્રષ્ટિ કરશો નહી. પુરૂષને જેવું સ્વદારસંતોષ વ્રત છે તેવું તમારે સ્વપતિસંતોષ વ્રત રાખવાનું છે. એ વ્રત તમને ઉન્નતિનો અને સદ્ગતિનો પવિત્ર માર્ગ બતાવશે. તમારી ભવકીર્ત્તિ અને ધર્મકીર્ત્તિ ભારતના વિશાળ ક્ષેત્રમાં ફેલાવશે અને છેવટે પૂર્વ સતીઓના પ્રતાપના પ્રભાવિક ફલ પ્રાપ્ત કરાવશે. અપૂર્ણ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી વિમલચંદ્રસૂરિ અને પ્રશ્નોત્તર રત્નમાલા.

( પૂર્વ અંકના પૃષ્ટ ૧૬૩ થી ચાલું. )

એક સમયે શ્રી વિમલચંદ્રસૂરિનો ઊપાશ્રય પ્રતિક્રમણના પ્રતિધ્વનિથી શાંત થયા પછી નિત્યના નિયમ પ્રમાણે સર્વ શિષ્યો એકત્ર થઈ અભિનવ પ્રશ્ન કરવા ચિંતવવા લાગ્યા. ઘણીવાર ચિંતવન કર્યા પછી તેઓ એવા નિર્ણય ઊપર આવ્યા કે, આજે આપણે ગુરૂશ્રીને ઘણાં મનન કરવા યોગ્ય વિશેષ પ્રશ્નો કરવા કે જેથી આપણી પવિત્ર ચારિત્રની વૃત્તિને વિશેષ લાભ થાય. તેઓમાંથી એક વિદ્વાન્ શિષ્ય બોલી ઊઠયો કે, આ સંસારમાં રાગ દશાનો મૂલ હેતુરૂપ મોહ છે. મોહના પ્રભાવથી આ સંસારની ઘટમાલ વૃદ્ધિ પામતી જાય છે. મોહ રૂપ મહાન્ રાજા સર્વ સંસારી ઊપર એક છત્ર રાજ્ય કરે છે, તેનું બલવાન્ સૈન્યરૂપ વિષય યૂથ સર્વની ઉપર સત્તા ચલાવે છે. મોહ એક ધાર્મિકવૃત્તિના સર્વસ્વનો લુંટારો છે, રાગી પ્રાણીઓનો મોટો સીકારી છે, ચંચલવૃત્તિવાલા પુરૂષોનો પ્રલય કરનારો છે, અદૃઢ પુરૂષોના પ્રાણને દુઃખ આપનારો છે અને મિથ્યાત્વના મલિન સંસ્કારને વધારનારો છે. કુબુદ્ધિ, કુચેષ્ટા, કુતર્ક અને કુબોધનું આદિકારણ મોહ છે. એવા સર્વ ભક્ષી મોહનો જનક–પિતા કોણ છે ? એ વિટંબણા કરનારને કોણે પેદા કર્યો છે ? મદિરાના જેવી માદક શક્તિ તેનામાં કોના વારસાથી આવી છે. ? આ સર્વોત્તમ પ્રશ્નનો ઊત્તર જાણવાથી આપણને ઘણો લાભ થશે, માટે તે વિષે એક પ્રશ્ન આપણે પુછવા યોગ્ય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બીજા એક ચતુર ચારિત્ર ધારી બોલી ઉઠયા. ધર્મ બંધુઓ, એક વિચિત્ર પ્રશ્ન પુછવા મને ઈચ્છા થાયછે પણ તે સાંભળી આપસર્વે મારૂં હાસ્ય કરશો નહીં. મારા આ પ્રશ્નના વિચારમાં એવો આશય રહેલો છે કે, આ જગતમાં પારકી વસ્તુ લઇ જનારા ચોર કહેવાય છે.તેઓ જગતની બાહ્ય વસ્તુઓના ચોર છે, પણ જેઓ આપણી અંતર્ગત તત્વ વસ્તુઓને ચોરી જનારા છે, તેવા ચોર કોણ હશે ? તે શોધવાની આપણે જરૂર છે. જો ચારિત્ર ધારી મુનિ વા ગૃહસ્થ તે તત્વ વસ્તુના ચોરને પકડી વશ કરે તો તેઓના આત્મહિતમાં મહાન્ લાભ પ્રાપ્ત થાય, માટે આ ચોરને જાણવાનો એક બીજો પ્રશ્ન આપણે આજે અવશ્ય કરવો જોઇએ.

ત્રીજા એક સંવેગીરત્ન યુવાન્ શિષ્ય કે જે દીક્ષાપર્યાયે લઘુ હતા, તેઓ સર્વની વચ્ચે ઉભા થઈ બોલ્યા કે, પૂજ્ય મહાનુભાવો, આપની સમક્ષ આ લઘુ બાળક એક પ્રશ્ન પુછવાની રજા લેવા ઈચ્છા રાખેછે, તો તેમાં આપ સર્વે પૂજ્ય વર્ગ સંમતિ આપશો. આ સંસારને એક વલ્લી ( વેલ ) ની ઉપમા આપવામાં આવે છે. એ સંસાર રૂપ વલ્લીનુ સ્વરૂપ શું હશે ? જેમ વલ્લી પ્રતિદિન વૃદ્ધિ પામ્યા કરે છે, તેમ આ ભવ રૂપ વલ્લી હંમેસા વૃદ્ધિ પામ્યા કરે છે; તેનું કારણ શું ? એ સંસારવલ્લી કોને કહેવાય ? એ જાણવા યોગ્ય હોવાથી–તે વિષે પ્રશ્ન કરવા આપ પૂજ્યવર્ગ મને સંમત થશો એવી હું આશા રાખું છું.

ચોથા કોઈ પ્રૌઢ મુનિરત્ન મુનિમંડલ વચ્ચે બોલી ઉઠયા કે, મહાશયો, એક સર્વોપયોગી પ્રશ્ન કરવાની મારી અભિલાષા છે, તો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપ સર્વે તેમાં સંમત થશો. જેમ જગતમાં મહાહાનિ કરનાર શત્રુ ઉત્પન્ન થાય છે અને તે વૈરબુદ્ધિથી સામાને અનેક સંકટ આપે છે, તેવો કોઈ એક અંતરંગ શત્રુ હોવો જોઇએ કે જેનાથી આત્મબલ અને મનોબલ ઉપર મોટી હાનિ થાય છે. તેવો વૈરી આપણે અવશ્ય કરીને જાણવો જોઇએ, જેથી આપણા ચારિત્રરત્નનો દિવ્ય પ્રકાશ તેવા શત્રુથી ઝાંખો પડે નહીં. આપણે તે વિષે એક પ્રશ્ન કરીએ જેમાં આપ સર્વે સંમત થશો.

આ પ્રમાણે ચાર પ્રશ્નો કરવાનો સર્વાનુમતે નિર્ણય કરી સર્વ શિષ્યો ગુરુ મહારાજા પાસે આવ્યા. વંદના કરી અંજલિ જોડી બોલ્યા. "**मदिरेव मोहजनकः कः**" "મદિરાની જેમ મોહનો ઉત્પન્ન કરનાર કોણ છે?", આ પ્રશ્ન સાંભળતાંજ ચતુર શિરોમણિ સૂરિરાજે ઉત્તર આપ્યો– "**स्नेहः**" "મોહનો ઉત્પન્ન કરનાર સ્નેહ છે." તે સાંભળી પરમ સંતોષ પામી તેઓએ બીજો પ્રશ્ન કર્યો "**के च दस्यवो**" "ચોર કયા?" સૂરિશ્રી બોલ્યા "**विषयाः**" "ખરેખરા ચોર વિષયો છે." આ ઉત્તર સાંભળતાંજ ચિત્તમાં ચમત્કાર પામી તેમણે ત્રીજો પ્રશ્ન કર્યો–"**का भववल्ली**" "આ સંસારની વેલ કઇ?" મહાત્મા મુનિરાજે ઉત્તર આપ્યો કે, "**तृष्णा**" "આ સંસારની વેલ તૃષ્ણા છે." તે સાંભળી શિષ્યો ચમત્કાર સાથે આનંદ સુધામાં મગ્ન થઈ ગયા અને તત્કાલ ચોથો પ્રશ્ન કર્યો–"**को वैरी**" "વૈરી–શત્રુ કોણ?" જ્ઞાનસાગરસૂરિશ્રીએ ઉત્તર આપ્યો કે, "**नन्वनुद्योगः**" "ઉદ્યોગ ન કરવો તે ખરેખરો શત્રુ છે."

સૂરિ મહારાજે પોતે આપેલા ચાર પ્રશ્નોના પ્રત્યુત્તરવિષે વિવેચન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરતાં જણાવ્યું કે, વત્સો, આજે તમે-મને સર્વોત્તમ પ્રશ્નો પુછેલા છે, તે પ્રત્યેક પ્રશ્ન ઘણાં મનન કરવા યોગ્ય છે-પ્રથમના પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું કે, "મદિરાની જેમ મોહને ઉત્પન્ન કરનાર સ્નેહ છે." આ વિષે તમે અંતઃકરણથી વિચાર કરજો. આ સંસારમાં જ્યારે પ્રાણીઓ પરસ્પર સ્નેહ પાશમાં સપડાય છે. ત્યારે તેઓ અંધ થઈ જાય છે. સ્નેહજ નિત અંધપણું પ્રાણીઓને પોતાના ખરા કર્ત્તવ્યથી વિમુખ કરી દે છે. સ્નેહનો અર્થ રાગ થાય છે, અને રાગ એ ચર્મ ચક્ષુ ને આવૃત કરી ગુણ દોષને જોવા દેતો નથી. રાગી મનુષ્ય ગમે તેવું અકાર્ય હોય તોપણ તે કરવાને જરાપણ અંચકાતો નથી. એવા અનેક દોષનું મૂળ કારણ રાગ-સ્નેહ છે અને તેવા રાગને દૂર કરવાથી શ્રી જિન ભગવંત **વીતરાગ** કહેવાય છે. આવો સ્નેહ-રાગ મોહને ઉત્પન્ન કરે છે, જે મોહ મદિરાના કેફની જેમ અનેક વિપરીત ક્રિયાઓ કરાવી, કુકર્મને બંધાવી પ્રાણીને અધોગતિએ પોહોચાડે છે. તેથી સર્વ મનુષ્યોએ કોઈ પણ પદાર્થ ઉપર સ્નેહ-રાગ કરવો નહીં તેમાં ખાસ કરીને મુનિઓએ તો તેનો સર્વથા ત્યાગ કરવો.

બીજા પ્રશ્નના ઉત્તરમાં કહ્યું કે, "ખરેખરા ચોર તો વિષયો છે." તે વિષે તમે ખરેખરા બુદ્ધિબલથી વિચારજો. જગતમાં બાહ્ય વસ્તુના ચોર જે હાનિ કરે છે તે માત્ર પુદ્ગલિક વસ્તુની હાનિ કરે છે, પણ વિષયરૂપી દુષ્ટ ચોરો આત્મિક વસ્તુને ચોરી લે છે અને તેથી મનુષ્યને આ લોક અને પરલોક બંનેમાં હાનિ પોહોચાડે છે. પાંચ ઇંદ્રિયોના વિષયો તે તે ઇંદ્રિયોમાં પ્રાણીઓને આસક્ત કરી અનેક અકાર્ય કરાવે છે અને કર્મના મહાજાલમાં ફસાવી પતિત કરે છે. વિષયરૂપી ચોરો જ્યારે ઇંદ્રિયો દ્વારા પ્રાણીઓની અમુલ્ય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આત્મિક વસ્તુ હરી લે છે ત્યારે તે પ્રાણી આત્મિક વસ્તુનો દારિદ્રી હોઈ શૂન્ય જેવો થઇ વિષય સેવનમાંજ પોતાનો માનવ ભવ ગુમાવી દે છે, તેથી "ખરેખરા ચોર વિષયો છે" એમ યથાર્થ સમજી તેવા તે ચોરોથી પ્રત્યેક મનુષ્યે આત્મરક્ષા કરવી યોગ્ય છે.

ત્રીજા પ્રશ્નના ઉત્તરમાં કહ્યું કે, "આ સંસારની પરંપરા રૂપ વેલ તૃષ્ણા છે." તે વિષે તમારે સ્વાનુભવથી વિચારવાનું છે. પ્રાણી માત્રને તૃષ્ણાથીજ આ સંસારની પરંપરા ચાલે છે. વેલ જેમ હંમેસા વધતી જાય છે તેમ તૃષ્ણા વધતી જાય છે. જેમ જેમ તૃષ્ણા વધે તેમ તેમ સંસાર પણ વધતો જાય છે. પ્રાણીને જે જે પદાર્થની વિષયની કે કોઇ સાંસારિક વસ્તુની જ્યાં સુધી તૃષ્ણા મટે નહીં ત્યાં સુધી સંસારની સંતતિ–પરંપરા પણ મટતી નથી. તૃષ્ણારૂપ સરિતાના પ્રૌઢ પ્રવાહમાં તણાયેલા પ્રાણીઓ વારંવાર ભવસાગર માંજ ભટક્યા કરે છે. તૃષ્ણા રૂપ એક કૃષ્ણ સર્પ છે તેમાં ગારૂડી વિદ્યારૂપ જ્ઞાનદષ્ટિ છે. જો જ્ઞાનદ્રષ્ટિ ન હોય તો તૃષ્ણારૂપ કૃષ્ણ સર્પ પ્રાણીઓને પોતાના ઝેરથી વ્યાપ્ત કરી મોહ પમાડી દે છે. તૃષ્ણાને કૃષ્ણ સર્પની ઉપમાં આપવાથી ખરેખરૂં તૃષ્ણાનું સ્વરૂપ જાણવામાં આવે માટે તૃષ્ણા એજ ભવવલ્લી છે. તેવી વિષમય વેલ માંથી સર્વ પ્રાણીઓએ દૂર રહેવું, એજ પરમાર્થ છે.

ચોથા પ્રશ્નના ઉત્તરમાં કહ્યું કે, "ખરેખરો વૈરી અનુદ્યોગ છે" તે વિષે પણ તમારે અંતઃકરણથી ધ્યાન આપવાનું છે. અનુદ્યોગનો અર્થ પ્રમાદ અથવા આલસ્ય થાય છે. સર્વ મુનિઓએ અને ગૃહસ્થોએ સર્વદા પ્રમાદનો ત્યાગ કરવો યોગ્ય છે. પ્રમાદ રૂપ મહાશત્રુ જો શરીરમાં રહ્યો હોય તો તેથી અપાર હાનિ થયા કરે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે. વ્યવહારદ્રષ્ટિએ જોતાં પણ ઉદ્યોગવગરના પ્રાણીઓ ઘણાં કષ્ટો ભોગવે છે. ઉદ્યોગ વિના દારિદ્ર આવી પડે છે એટલે ગૃહાવાસમાં ક્ષણે ક્ષણે આજીવિકા સંબંધી ઉપાધિઓ ઉત્પન્ન થાય છે. ગૃહસ્થને જ્યાં સુધી આજીવિકાની ઉપાધિ હોય ત્યાંસુધી સુખ સમાધિથી ધર્મસાધન થઇ શકતું નથી. તેથી અનુદ્યોગ અથાવા પ્રમાદ એ ખરેખરો અંતરંગ શત્રુ છે. માટે તેવો શત્રુ જેમ ઉત્પન્ન ન થાય તેવી રીતે હંમેશા પ્રવર્त्तन કરવું.

સૂરિશ્રીનું આવું સદ્બોધક વિવેચન સાંભલી અત્યંત પ્રસન્ન થયેલા શિષ્યોએ નીચેના પ્રશ્નોત્તર રૂપે તે સંપૂર્ણ ગાથા પોતાના મનોમંદિરમાં સત્વર સ્થાપિત કરી.

**मदिरेव मोहजनकः कः स्नेहः के च दस्यवो विषयाः ।**
**का भववल्ली तृष्णा को वैरी नन्वनुद्योगः ॥ ७ ॥**

શિષ્યો–મદિરાની જેમ મોહનો ઉત્પન્ન કરનાર કોણ ?

ગુરૂ–સ્નેહ.

શિષ્યો–ચોર કયા ?

ગુરૂ–વિષયો.

શિષ્યો–આ સંસારરૂપ વેલ કઇ ?

ગુરૂ–તૃષ્ણા.

શિષ્યો–શત્રુ કોણ ?

ગુરૂ–ઉદ્યોગ ન કરવો તે (પ્રમાદ)

અપૂર્ણ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# વૃત્તાંત સંગ્રહ.

## બનારસ જૈન પાઠશાલા.

ભારતવર્ષની શારદાના નિવાસસ્થાનરૂપ બનારસ ક્ષેત્રની પવિત્ર ભૂમિપર જૈનવાણીના વિજયનાદ વૃદ્ધિપામતા જાય છે. મુનિવર્ય શ્રી ધર્મવિજયજીએ તે પવિત્ર ક્ષેત્રમાં આર્હત ધર્મનો વિજયધ્વજ ફરકાવ્યો છે. ગંગાનદીના પવિત્ર તીર ઉપર જૈન ધર્મની જય ઘોષણા પ્રવર્ત્તી છે. ચૈત્ર માસમાં તે વિષેના અતિ આનંદ જનક સમાચાર મલ્યા છે. શ્રી પાર્શ્વનાથ પ્રભુના નિર્વાણ પછી કાલચક્રના પ્રભાવે ઘણા વર્ષથી તે મહાક્ષેત્ર મિથ્યાત્વીઓની તીર્થ ભૂમિ રૂપે થઈ પડયું છે. આવું ઉત્તમક્ષેત્ર વિદ્વાન્ મુનિઓના વિહાર વિના જે કુક્ષેત્ર થઈ પડેલ તેને સાંપ્રતકાલે મુનિ ધર્મવિજયજીએ સુક્ષેત્ર કરવા માંડયું છે. ત્યાંના સમર્થ પંડિતોના સમાજમાં એ યુવાન મુનિએ જૈન ધર્મની પવિત્ર છાપ પાડી છે. તે મુનિવર્યના ઉપદેશથી ત્યાંના દશ પુરૂષોએ સ્થૂલ જીવહિંસાનો યાવજ્જીવિત ત્યાગ કર્યો છે. કેટલાએક માંસાહારી પુરૂષોએ સર્વથા માંસનો પરિહાર કર્યો છે. આથી પણ વિશેષ ચમત્કાર ઉપજે તેવા એક ખબર મલ્યા છે કે, કોઈ એક ચુસ્તવેદ ધર્મી કે જે ત્યાં રહી હમેશા હોમમાં જીવોનું બલિદાન આપતો હતો, તેણે મુનિ ધર્મવિજયજીના પ્રતિબોધથી તે જીવહિંસા કરવી છોડી દીધી છે. આથી કાશીક્ષેત્રમાં અહિંસાધર્મનો મહાન્ ઉત્કર્ષ જણાયો છે. વળી કોઈ એક પટેલ કાશીક્ષેત્રમાં દેહ ત્યાગ કરવાને આવેલ તેણે આપણા મુનિરાજના પ્રતિબોધથી દીક્ષા લેવાની ઇચ્છા બતાવી છે. આ પ્રમાણે ભારતના સનાતન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાટીદારોની મનોવૃત્તિ આર્દ્ર થઇ ગઇ અને ત્યારપછી તેઓએ આચાર્યજીની પાસે ક્ષેત્રમાં અગ્નિદાહન કરવાની બાધા લીધી હતી. આ કરૂણામય કાર્યથી આચાર્યજીને પૂર્ણ ધન્યવાદ મલ્યો હતો.

ત્યાંથી વિહાર કરી તેઓ દહેવાણ નામના ગામ તરફ પધાર્યા હતા. ત્યાંના ઠાકોર સાહેબ મેરામણસિંહજી શ્રીફલ લઈ આ મહા મુનિના દર્શન કરવાને જાતે પધાર્યા હતા. આચાર્યજીએ પોતાની મધુર વાણીથી જીવદયા વિષે મહારાજાને પ્રતિબોધ આપ્યો જે સાંભળી તે રાજા હૃદયમાં પ્રસન્ન થયા અને તત્કાળ પોતાના રાજ્યમાં એવી આજ્ઞા કરી કે, ચૈત્ર, શ્રાવણ અને ભાદરવા માસમાં કોઈએ કાંઈપણ હિંસા કરવી નહીં. જે હિંસા કરશે તેને પાંચ ફટકા મારી પાંચ રૂપીઆનો દંડ કરવામાં આવશે. આવું આજ્ઞાપત્ર તેના રાજ્યની હદમાં સર્વત્ર પ્રસાર કરવામાં આવ્યું છે. જે સાથે આ-ચાર્યજીની ધર્મ કીર્ત્તિ પણ તે પ્રદેશમાં વિશેષ પ્રસાર થઈ છે. આ શિવાય તે દેશના કેટલાએક ગામમાં આચાર્યજીના ઉત્તમ પ્રતિ-બોધથી ક્ષેત્ર દાહની મલિન ક્રીયાઓ બંધ કરવામાં આવી છે. વળી તે સાથે એ મહાત્માએ શ્રાવકોને પોતાના પવિત્ર સંસ્કાર પ્રાપ્ત થાય, એવા હેતુથી જૈન વિધિ પ્રમાણે લગ્ન કરાવવાના પવિત્ર પ્રત્યાખ્યાન કરાવ્યા છે.

વિદ્વાન્ મુનિઓના વિહારથી કેટલા લાભ થાય છે, એ વાત આચાર્યજીએ પોતાના વિહારથી આપણને સિદ્ધ કરાવી આપી છે. આ પ્રમાણે બીજા પણ મુનિ મહારાજો પોતાના વિહારથી ભારતમા અનેક ક્ષેત્રોને સુધારે છે અને તે ક્ષેત્રોમાં સનાતન દયા ધર્મના બીજ વાવી તેના સ્વાદુફલ જૈન પ્રજાને પ્રાપ્ત કરાવે છે. તેવા વિહારશીલ વિદ્વાન્ મુનિ વરોને સહસ્રવાર ધન્ય છે.

For Private And Personal Use Only